# EDII ખાતે પ્રવાસનના વિવિધ પાસાઓ પર તાલીમ યોજાઈ

**નવગુજરાત સમય** > અમદાવાદ

આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ ગત વર્ષે 142 લોકોને તાલીમ આપીને પ્રવાસન ક્ષેત્રમાં કારકિર્દી અને પોતાનો કારોબાર શરૂ કરવા માટે સક્ષમ બનાવ્યાં છે. ઈડીઆઈઆઈએ અમદાવાદમાં પ્રવાસન સંબંધિત ટ્રાવેલ કન્સલ્ટન્સી, આર્ટ એન્ડ ક્રાફ્ટ, ફુડ બિઝનેસ અને લોજીસ્ટિક્સ ક્ષેત્રોમાં 500 વ્યક્તિઓને તાલીમ આપી હતી. આ તાલીમાર્થીઓમાંથી 286 તાલીમાર્થીઓએ પોતાની એન્ટરપ્રાઈઝ શરૂ કરી છે અથવા પ્રવાસન ક્ષેત્રમાં રોજગારી મેળવી છે. આ ઉપરાંત 142 એન્ટરપ્રેનિયર્સે પોતાની એન્ટરપ્રાઈઝ શરૂ કરીને અન્ય 270 લોકોને રોજગારી આપી છે. આ સફળ આન્ત્રપ્રિન્યોર્સ દ્વારા આશરે રૂ. 43 લાખનું રોકાણ કરવામાં આવ્યું છે. 144 લોકોએ ખાનગી ક્ષેત્રમાં રોજગારી મેળવી છે, જ્યારે કે બાકીના પોતાની માલીકીની એન્ટરપ્રાઈઝ અથવા વધુ અભ્યાસ કરવાની પ્રક્રિયામાં છે.

આ તાલીમ કાર્યક્રમ અંગે વાત કરતાં ઈડીઆઈઆઈના પ્રોફેસર એસ બી સરીને જણાવ્યું હતું કે, આ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપીને સ્વરોજગાર સુનિશ્ચિત કરવાનો તથા ઉદ્યોગ સાહસિકોને જરૂરી તાલીમ, માર્ગદર્શન અને સલાહ-સૂચન આપીને પોતાની એન્ટરપ્રાઈઝ શરૂ કરવામાં મદદરૂપ બનવાનો હતો.